# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૯૩ • તા.૧૯ ફેબ્રુઆરી થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# અદ્‌ભૂત તપસ્વી રત્ન



# જયેશભાઈ ધ્રોળ

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
પ્રવીણ હંસરાજ લોડાયા
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


**અમારી વાત...** **સંપાદક સ્થાનેથી**

# જિંદગી એક અઘરી જીવન યાત્રા

જિંદગીને એર સફર યાત્રા કે પ્રવાસ સમજીએ તો સતત ચાલતા રહેવાની આ પ્રક્રિયા છે. યાત્રાનો રોમાંચ છે. તો સગવડ અગવડથી ખેડાતો પ્રવાસ છે. આસાન રસ્તા, કપરી પરિસ્થિતિ અને અગણિત મુસીબતોની આ સફર ક્યારે આપણામાં આત્મવિશ્વાસ ભરી દે છે તો, ક્યારેક સંપૂર્ણ હતોત્સાહ કરી આપણને ભાંગી નાંખે છે. એક ખુશ નસીબ પળ આવવાથી આપણી અંદર એક નવી ઊર્જા ઉત્પન્ન થઈ જાય છે. જે આગળ તરફ વધવાનું ઈંધણ પૂરૂ પાડે છે.

જીંદગીને બહેતર બનાવવી કે બદતર તે આપણા હાથમાં છે. જિંદગીમાં જીવન યાત્રા દરમ્યાન જે કંઈ પણ થતું હોય, સારૂ કે નરસું એના જવાબદાર આપણે હોઈએ છીએ. પણ આપણાથી એનો સ્વીકાર થતો નથી અને તેના દોષ બીજા પર ઢોળી દઈએ છીએ. સફરમાં જોડાતા સાથીઓ, કે અધ વચ્ચે સંપર્કમાં આવતા પ્રવાસીઓ મનમેળ થાય આત્મીયતા કેળવાય એ આપણા સ્વભાવની સરળતા છે. સંબંધો સાચવવાની આપણી કુશળતા દર્શાવે છે. પણ જો તેની સાથે મતભેદ થ ાય, વિચાર ભેદથી કુમેળ સર્જાય તેનો સાથ તેનો સહવાસ તે આપણી સામે હોય તો પણ આપણને ખટકે તો એ આપણી નિષ્ફળતા છે. આપણી સંબંધો સાચવવાની નાકામિયાબિ છે. સંબંધો સાચવવા અને એનું સંવર્ધન થાય, એનું જતન થાય એવી સતત કાળજી રાખીએ. માહોલ જાળવી રાખીએ એ આપણો ધર્મ, સ્વભાવ હોવો જોઈએ. સામેવાળા તરફ આપણે કેવી કાળજી ધરાવીએ છીએ. આનાથી આપણી કાળજી સંબંધ પ્રત્યેની આપણી ફિકર સામે આવે છે.

જિંદગી એક કસોટી છે. પરીક્ષા છે. પરખ છે. એને બેસ્ટ બનાવવા, એને સરળ કે આસાન બનાવાની જવાબદારી નિભાવવી આપણી ફરજ છે. આ ફરજ આપણે સફળતાથી બજાવીએ તો જે ખુશી અને સંતોષ મળશે. એ અમાપ હશે અવર્ણનીય હશે. કારણકે ત્યારે જ આપણી આંતરીક શક્તિનો શું ગજું છે. તેનું માપ આપણને મળશે. કુદરતે બધાને સમજ અને શક્તિ ભરપૂર આપ્યા છે. માત્ર એને સારી રીતે, યોગ્ય સ્થળે અકસીર પણે આપણે વાપરીએ તો જિંદગીની સફળતા હાથવેંતમાં પામીએ શકીએ છીએ.

લક્ષ્ય બનાવીને આપણે રસ્તે ચાલીએ, ભલે એકલા હોઈએ. લોકો સાથે આવે કે ન આવે કોઈનો સાથ મળે કે ન મળે. લક્ષ્યને સાધવાની આપણે લડાઈ ભલે એકલાં લડીએ. આનાથી ભવિષ્યનું ઘડતર થશે અને ઉપર ચડવાનું એક ઓર પગથિયું બનશે.

જિંદગીની દોડમાં આપણે પડશું ભાંગશું કે ઘવાઈ શું પણ ઝઝૂમવાની તાકાત કેળવીશું તો ફિનિક્સ પક્ષીની જેમ ઊભા થઈ ફરી સામનો કરવા સજ્જ થઈ શકીશું. 'યા હોમ કરીને પડો ફતેહ છે. આગે' એવા નિર્ધાર એવો સંકલ્પ મંત્ર આપણી તાકાત બની રહે છે. જિંદગીની યાત્રા અઘરી છે. વિકટ છે એ ખરું પણ, એને આસાન બનાવવી આપણા હાથમાં છે. અઘરી જીવન યાત્રાને સરળ સપાટ બનાવી શકીએ એ આપણી સફળતા છે. સિદ્ધિ છે. જે આપણે પામીએ.

– જય જ્ઞાતિમૈયા

# માનવીય વૃત્તિ



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

માણસ માત્ર સારા દેખાડવા મથે છે. પોતાની ખરાબ આદતો, બહાર ન આવે કોઈની નજરે ન ચડે એ દેખાડો કરવા પ્રયત્નશીલ રહે છે. માત્ર સારા દેખાવું જરૂરી નથી સારા હોવું જરૂરી છે. સારાપણું અંતર અને મનથી પ્રકટવું જરૂરી છે. સારપનું આંચળો ઓઢી લેવાથી કશો ફાયદો નથી. આવું કરીને આપણે બીજાને છેતરી શકીએ. પરંતુ જાતને છેતરવાનું મુશ્કેલ છે. અપ્રમાણિકતા અને બેઈમાની સારી છાપ ધરાવતા ઈન્સાન પર કાળા ધબ્બા સમાન છે.

ભ્રષ્ટ્રાચાર આચરનાર બેઈમાની કરનાર પોતે બદદાનત ધરાવે એ કબૂલ ન જ કરે. એટલે જ અંચળો ઓઢીને ફરવું એને માટે જરૂરી છે. બેઈમાની દેખાડવા ઈનામદાર માણસ સામે રહેવું જરૂરી છે. જેથી બંન્ને વચ્ચે સરખામણી કરી શકાય. ખરાબ દાનત ધરાવતા માણસનું અંતિમ લક્ષ્ય તો સારા બનવા જ હોય છે. પણ કેટલીક વખત મજબૂરી હોય છે તો કેટલીક વખત આદત છૂટતી નથી. ખરાબ દાનત ધરાવત કુટેવ ધરાવતા, કુછંદે ચડેલા અને ખરાબ-ખોટા વ્યસનોમાં લપેટાયેલા, જકડાયેલા માણસો ભલે તેમાંથી છૂટવા મથમણ કરી રહે છે. પણ નાગચૂડમાંથી એમ સહેલાઈથી છૂટી શકતા નથી. જેમ કળણમાં સપડાયેલો કોઈ એક જેમ જેમ પોતાનો છૂટકારો કરવા મથે છે. તેમ તેમ એ કળણમાં અંદર ખૂંપતો જાય છે. ખરાબ આદતો, બદ દાનતથી છૂટકારો કરવા મથતા હોય છે પણ તેમાં સફળ થઈ શકતા નથી. કારણ કે આ માટે પ્રબળ ઈચ્છા શક્તિ અને મન પર કડક અંકુશ હોવું જરૂરી છે. ઢચુપચુ વૃત્તિ કે વલણ લક્ષ્ય સાધક થઈ શકતી નથી.

ખરાબ વસ્તુઓને છોડવી અને સારી વસ્તુઓને ગ્રહણ કરવી જોઈએ. જીવનની તમામ પ્રવૃત્તિઓમાં સંયમ અને વિવેક જરૂરી છે. વિવેકનો પર્યાય શબ્દ છે સમ્યક. જેનો મતલબ છે નહીં ઓછું નહીં વધારે. જીવનનું આ છે સમતુલન. જે જીવન માટે અત્યંત જરૂરી છે. બીજાના દુ:ખ કરતાંય કોઈના સુખમાં ભાગીદાર થવું કઠિન છે. અતિ સાધારણ પ્રકૃત્તિની વ્યક્તિ પણ બીજાના દુ:ખમાં સૂર પૂરાવે છે પણ બીજાના સુખમાં પોતાનું માની રાજી થવું અને તેની ઈર્ષા અદેખાઈ ન કરવી એ મુશ્કેલ બાબત છે. આવી સમતોલન વૃત્તિ ઉચ્ચ કોટીનું મન ધરાવતો વ્યક્તિ કરી શકે છે. બીજાને માટે કાંઈક સારું કરવાનો અને તેને દિલથી મદદરૂપ થવાનો આનંદ અવર્ણનીય હોય છે. જે માણસ અંદરથી ખરેખર સુખી હશે તે બીજાના સુખનો પણ સ્વીકાર કરી શકે છે. અને જે અંદરથી દુ:ખી હશે તે બીજાનું દુ:ખ જોઈને રાજીપો અનુભવશે. આ સામાન્ય માનવના સ્વભાવની રીત ખાસિયત છે.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# અદ્‌ભૂત તપસ્વી રત્ન છે
# જયેશભાઈ ધ્રોળ







કેડીઓ જૈન મહાજન ચેન્નઈના કેમ્પમાં ઘણા બધા નવરંગી પીંછા છે. જેમાં પ્રથમ તો મહાજનનો સમાવેશ થાય છે. મહાજનમાં ૯૦ના દાયકાની શરૂઆતમાં તેના તમામ પદાધિકારીઓ મહિલાઓ હતી અને માત્ર ૧૫ જ્ઞાતિ પરિવારોની ટીમ સાથે ઐતિહાસિક સુનામી યુવા મિલન, ચેન્નાઈનું વિશાળ આયોજન કરે છે. વર્ષ ૨૦૦૪માં બંગાળની ખાડીના દરિયા કિનારે ગોલ્ડન રિસોર્ટમાં ધમાકેદાર યુવા મિલન કર્યું. ગિફ્ટ આર્ટિકલ્સના બિઝનેસમાં છે આપણી જ્ઞાતિના ૫૮ વર્ષીય જયેશભાઈ કાનજી ધ્રોળ, ગોધરા.

તેઓ તા.૧૪ જુલાઈ ૨૦૦૮થી આયંબિલ કરવાનું શરૂ કર્યું અને ત્યાર પછી ક્યારેય પાછું વળીને જોયું નથી. તે સતત ૪૨૦ આયંબિલના દિવસોના વીસ સ્થાનક તપ હેઠળ હતું. ત્યારબાદ તેમણે વર્ધમાન તપનો પ્રારંભ કર્યો. આજ સુધીમાં તેઓ ૪૫૦૦ થી વધુ આયંબિલ કરી ચૂક્યા છે. વર્ધમાન તપમાં ૧ ઉપવાસ અને પછી ૧ આયંબિલ, પછી ૧ ઉપવાસ અને ૨ આયંબિલ, ૧ ઉપવાસ અને ૩ આયંબિલ વગેરેથી તેની તપસ્યા શરૂ કરે છે. દરેકને ઓળી કહેવાય છે. આ રીતે ૧૧ વર્ષ અને ૬ મહિનામાં તેમણે ૮૩ ઓળીઓ એટલે કે ૧ ઉપવાસ અને ૮૩ આયંબિલ કર્યા છે.

પ્રભુ પરમાત્મા અને ગુરૂઓના આશીર્વાદથી તેમનું લક્ષ્ય ૧૦૦ ઓળી પૂર્ણ કરવાનુ છે. છેલ્લા ૧૦૦ વર્ષોમાં જૈન સમાજમાં સૌથી ઓછા સમયમાં વર્ધમાન તપના ૮૩ ઓળીઓની તપસ્યા કરનાર તેઓ કદાચ પ્રથમ જાણીતા તપસ્વી હશે. જયેશભાઈ કાનજી ધ્રોળ આ કઠોર ભક્તિ તપસ્યાનો શ્રેય તેમના માતા-પિતા, ગુરૂઓ અને ભૂતકાળના કર્મોને અને અલબત જીવન સંગિની પત્ની સ્વાતિના બારમાસી સમર્થન અને અનુમોદનને આપે છે. તેમના પ્રેરિત થઈ તેમના નાનો ૨૧ વર્ષીય પુત્ર ધર્મેશ ચાર દિવસ પહેલા વચ્ચે ૨ આથાઓ સાથે ઉપધાન તપ પૂર્ણ કર્યું છે. આપણે સૌ તપસ્વી રત્ન જયેશભાઈ લાંબુ જીવોની કામના કરીએ.

---

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# વ્યક્તિનો વિકાસ એટલે જ્ઞાતિની સમૃદ્ધિ






દરેક વ્યક્તિ સમજણો થાય, પુખ્ત થાય એટલે પગભર થવા માટે રોજગાર પ્રવૃત્તિ શરૂ કરે કે નોકરીએ લાગે. વ્યવસાયમાં પ્રવૃત્ત થવા પોતાની પાસે રહેલ કલા, કૌશલનો ઉપયોગ કરી શરૂ શરૂમાં નાના પાયે વેપારમાં પગ માંડે.

સમસ્ત મહાજનની મીડિયા પ્રસાર સમિતિ દ્વારા બીટુબીના સહયોગથી મુશ્કેલ પરિસ્થિતિ વળોટી ખંત, ખમીર અને હિંમત ભેર વિકટ પરિસ્થિતિનો સામનો કરી પોતાના હુન્નરને વિકસાવી આગળ વધનાર એવા જ્ઞાતિના ભાઈ બહેનોની ગાથા અત્રે માંડવાની શરૂઆત કરીએ છીએ જેથી સૌને પ્રેરણા મળે.



**રાજશ્રી ચાંપશી મોતા ગામ જસાપર હાલે મુલુંડ – ૯૮૯૨૧૩૭૫૫૭/૯૯૩૦૩૪૪૮૬૩**

૧૦મા ધોરણના અભ્યાસ કરતા પરીક્ષા બાદ વેકેશનમાં પ્રવૃત રહેવા માટે નવા કામની શરૂઆત કરી. જૂના વર્કને નવું બનાવવા, બ્લાઉઝ, ડ્રેસ કે ચણિયા ચોળીમાં પરંપરાગત અલગ અલગ વેરાઈટીના વર્ક બનાવવાનું શરૂ કર્યું. જે જોનારને ગમવા લાગ્યું. આમ ધીમે ધીમે કામ આગળ વિકસતું ગયું.

ઓલ્ડમાંથી ગોલ્ડ, કચરામાંથી કંચન બનાવવાની હસ્ત કારીગરી સિધ્ધ હસ્ત થઈ તેમ તેમ જૂની ડિઝાઈન વર્ક વાળા કાપડ-વસ્ત્રોમાંથી નવું બનાવવાની પ્રક્રિયા સૌને ગમી. જૂની ડિઝાઈનની સાડીઓમાંથી ડ્રેસ કે ચણિયા ચોળી પરિવર્તી ત કરવાની કળામાં ફાવટ આવતી થઈ. એસ.એસ.સી.ની પરીક્ષા આપ્યા બાદ ના વેકેશન દરમ્યાન આ પ્રવૃત્તિમાં તેમના મમ્મી પહેલાથી સક્રીય હતા તેમની પ્રેરણા અને પીઠબળને સલાહ સૂચન અતિ ઉપયોગી થયા. મુશ્કેલી સમયમાં કામ સારી રીતે કેમ પાર પાડવું એ શીખ કામ આવી. આ લાઈનથી ઘણા ફાયદા થયા. પગભર તો થઈ સાથોસાથ ઓળખાણ વધી. સમાજમાં ભળવાનું થયુ અને હું કેડીઓ જ્ઞાતિની છું એનો ગર્વ થયો એમ તેઓ ખુમારીથી કહે છે. જ્ઞાતિની દરેક બહેનોને સંદેશો આપતા કહે છે કે ‘કોઈ કામ નાનું કે મોટું નથી. ફક્ત કામ અને પોતાનામાં રહેલ કૌશલને બહાર લાવવાની ધગશ રાખો. દ્રઢ નિશ્ચય, કાર્ય પ્રામાણિકતા અને સુસ્પષ્ટ વ્યવહારથી આપોઆપ કામ આગળ વધતો રહેશે.’


# વ્યક્તિનો વિકાસ એટલે જ્ઞાતિની સમૃદ્ધિ


શ્રી સમસ્ત મહાજનની મિડીયા પ્રસાર સમિતિ દ્વારા બીટુબી ના સહયોગથી એક નવો પ્રકલ્પ શરૂ કરવા જઈ રહ્યા છીએ. આમાં તમે મુશ્કેલ પરિસ્થિતિઓ સામે ખંત ખમીર અને સાહસથી લડીને વ્યવસાય વિકસાવ્યો છે. આપ હુનરને આગળ વધાર્યો છે અને પરિવાર માટે આવકનો સ્રોત ઉભો કર્યો છે. એ પ્રેરણા ભરી વાતો જેમાં ક્યા સંજોગોમાં વ્યાપાર ધંધો શરૂ કર્યો, કેવી તકલીફો સહન કરી આગળ વધ્યા એ બધી વાતો જ્ઞાતિજનો સુધી પહોંચાડવા અને તેમાંથી સૌ કોઈ પ્રેરણા લે એ પ્રયોજનથી જ્ઞાતિમૈયા ઈ મેગેજીનમાં પ્રગટ કરાશે. તો કૃપા કરીને આપેલ લિંક ઓપન કરી ફોર્મમાં વિગતવાર માહિતી આપશો એ વિનંતી.

**અહ્યા ક્લીક કરીને વિગતવાર માહિતી આપીને આ ફોર્મ ભરો**

# આદિ અનંત વિહાર દ્વારા ગિરનાર મહાતીર્થ યાત્રા સફળતાપૂર્વક સંપન્ન





તીર્થસ્વરૂપ અનંતનાથ જિનાલયની પાવન ધરા મસ્જિદ બંદરના સંઘપતિ પરિવારો અ.સૌ.પ્રીતિ હિરેન નવીનચંદ્ર લાપસીયા, માતુશ્રી મંજુલાબાઈ શામજી ખોના પરિવાર તથા વિપુલ નવીનચંદ્ર મોમાયા પરિવારના સથવારે આદિ અનંત વિહાર ગ્રુપના કાર્યકરો તથા આબાલ વૃધ્ધ દિવ્યાંગ યાત્રિકો મળીને કુલ્લ ૧૦૮ યાત્રિકો ગુરૂવાર તા.૧૩ જાન્યુઆરીના સૌરાષ્ટ્ર મેલથી રાજકોટ જવા પ્રસ્થાન કર્યું.

તા.૧૪ જાન્યુઆરી શુક્રવાર રાજકોટ પહોંચી લક્ઝરી બસોમાં સ્થાન ગ્રહણ કરી જૂનાગઢ તીર્થ ભૂમિ પહોંચ્યા. બપોરની સાધર્મિક ભક્તિથી પરિવારી પ.પૂ.સાધુશ્રી દિવ્યપ્રભસ્વામીજી મ.સા.ના મુખેથી ગિરનાર મહાતીર્થ અંબિકા દેવી સહસાવન મોક્ષ ભૂમિની મહતા સાંભળી સૌ યાત્રિકો ભાવ વિભોર બની ગયા. તેમની પ્રભાવી વાણીના પ્રભાવથી ગિરનારી યાત્રા કરનારાઓ ૧૦૮ યાત્રિકોમાંથી ૨૦ ચોવિહાર ઉપવાસ, ૧ આયંબિલ, ૧૧ એકાસણા કરી યાત્રા કરી. સુંદર રાત્રિ ભાવનાનું આયોજન સંઘપતિ પરિવારો દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં મસ્જિદ બંદરની વહુ-દીકરી, દીકરીઓ તથા આદિ અનંતવિહાર ગ્રુપના સભ્યોએ સુંદર રીતે નેમ રાજુલના ગીત અને ગરવો ગિરનારનું નૃત્ય પ્રસ્તુત કરેલ.

તા.૧૫ જાન્યુઆરી શનિવારના વહેલી પરોઢે તળેટી, અંબિકા દેવીના દર્શના કરી યાત્રિકો પગપાળા અને રોપવે દ્વારા પ્રસ્થાન કરેલ. નેમનાથજીના દેરાસરમાં અદ્‌ભૂત પક્ષાલ જોઈ સૌની આંખો અંજાઈ ગઈ ત્યારબાદ દાદાની સેવા પૂજા કરી ત્રણે સંઘપતિઓ અક્ષતથી ગહુલીઓની રચના કરીને ફળ અને નૈવેદ્યથી સુશોભિત કરી ત્યારબાદ યાત્રા નિમિત્તે નવ ખમાસણા, નવલોગ રસનો કાઉસગ્ગ તેમજ ચૈત્યવંદન કરાવી સૌના મન મોહી લીધા.

રાતના યાત્રિકોએ સંઘપતિઓનું બહુમાન કરેલ અને સંઘ પતિઓએ આદિ અનંત વિહાર ગ્રુપના સભ્યોનું બહુમાન કરેલ. સંઘપતિઓએ નેમનાથ પ્રભુજીની પ્રતિમા આદિનાથ જિનાલય ભાતબજાર અને અનંતનાથજી જિનાલય ખારેક બજારમાં અર્પણ કરી તથા દરેક તપસ્વીઓને રૂા.૧૦૦ પ્રભાવના રીટાબેન હિતેશભાઈ લોડાયા તથા આદિ અનંત વિહાર ગ્રુપ દ્વારા કરવામાં આવી. સંઘપતિઓએ યાત્રામાં જોડાયેલ પરિવારોને નેમનાથ પ્રભુના લાંછન શંખની પ્રભાવના કરી.

રવિવારના ૧૬ જાન્યુઆરી દિવસે ઠાકરમાં સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ માણી યાત્રા દરમ્યાન નવકારશી, ભોજન ચૌવિહારની સંપૂર્ણ સગવડ સંઘપતિઓએ ખૂબજ સરસ રીતે કરી હતી જે ખરેખર અનુમોદનીય છે.





# સાંધવ મંડન તીર્થાધિપતિ શ્રી શાંતિનાથ દાદા જિનાલયની
# ૧૫૬મી વર્ષગાંઠનો મંગલોત્સવ રંગેચંગે સંપન્ન





કચ્છ પ્રદેશના અબડાસા વિભાગના સાંધવ નગર તીર્થના મંડન તીર્થાધિપતિ શાંતિનાથ દાદા જિનાલયનો ૧૫૬મો ધ્વજા મહોત્સવ મંગલમય રીતે વિવિધ ધર્મ આરાધનાઓ સાથે થયો. પ્રભુજીની નૂતન ધ્વજાના દર્શન કરવાથી સરવાળે સિધ્ધિ ગતિને પ્રાપ્તિ થાય છે.



પ્રભુની ધ્વજા જેમ જેમ ઊંચે આકાશે લહેરાય તેમ તેમ ધ્વજાના મંગલ પ્રસંગે પધારેલ સાધક-શ્રાવક પણ બ્રાહ્મ અને અભ્યંતર ઉભય રીતે ઉર્ધ્વગામી બને છે. તે વીતરાગનો સ્પર્શ પામે છે. જીવનના પ્રત્યેક સંયોગને ઉર્ધ્વલક્ષી બનાવવાની દિશા કેળવે છે.

ઉતારેલી ધ્વજા સંભાળી ભક્તિ ભાવ સાથે ઘરે રાખવાથી પણ ઘરમાં ધર્મની વૃધ્ધિ થાય છે અને સમાધિ મળે છે. પ્રભુ તો નીચે ગર્ભગૃહમાં બિરાજમાન હોય છે પણ એમની ધ્વજા તો સહુથી ઉપર જિનાલયની ગગનચૂંબી ટોચ પર લહેરાતી હોય છે જે સંદેશો આપે છે કે જો તમારે પણ ઉપરની મોક્ષ તરફ જવું હોય તો પ્રભુજીના દર્શન પૂજન ભક્તિભાવથી કરો અને સદ્‌ગતિને વરો. આમ આ ધ્વજારોહણ મહોત્સવનો ગૂઢાર્થ મહિમા છે.

---

# બારગાઉ છ'રી પાલિત સંઘ પાલિતાણાથી પ્રયાણ કરી હસ્તગિરી તીર્થ પધારયો

શ્રી પાલિતાણા કચ્છી ભવન મધે અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવોના આજ્ઞા આશિષ દિવ્યકૃપાથી પ.પૂ. ગણિવર્યશ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ શ્રમણ ભગવંતો પ્રવર્તીની મહતરા સાધ્વી મુખ્ય પ.પૂ.સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. આદિ શ્રમણી ભગવંતોની નિશ્રામાં શ્રી નિત રૂચિ ગુણ ગુણોદય ગુલાબ વસંત શત્રુંજ્યતીર્થ ૯૯ યાત્રાના ઉપક્રમે બાર ગાઉ છ'રિ પાલિત સંઘ પાલિતાણાથી પ્રયાણ કરી હસ્તગિરી તીર્થે પધારેલ.



# ભુજ અચલગચ્છ સંઘમાં પંચાહ્નિકા મહોત્સવની આનંદ હેલી ચડી છે





જેઓ શ્રી નજીકના જ સમયમાં ઉપાધ્યાય પદે આરૂઢ થશે એવા પ.પૂ.શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. તથા ૨૯-૨૯ વર્ષના અખંડ વર્ષીતપના આરાધક મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રા સંઘમાં છે.

પ.પૂ.સાધ્વીશ્રી સૌમ્યલતાશ્રીજી મ.સા.ની ૧૦૦મી ઓળીનું પારણું તથા જિનાલયની ૪૧૫મી ધજા નિમિત્તે વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો, અઠમતપ આદિ આરાધનાઓથી સૌના હૈયા હેલે ચડેલા છે. સંઘના શ્રોતાગની જિજ્ઞાસાથી વ્યાખ્યાન શ્રવણ માટે પણ અનેરો રંગ અને રસ જામેલો છે.

સાધ્વીશ્રીના પારણા પ્રસંગે તેમને વાસક્ષેપ દ્વારા આશીર્વાદ આપી પૂજ્ય પૂર્ણભદ્રસાગરજીએ વર્ધમાન તપોનિધિ બિરૂદથી ઘોષિત કર્યા હતા. આ પ્રસંગે તપની અનુમોદના સાથે પ.પૂ.શ્રી પૂર્ણભદ્ર મ.સા.ને ઉપાધ્યાય પદ અર્પણની ઘોષણા શ્રી અખિલ ભારત અચલગચ્છ સંઘના મંત્રી પ્રવીણભાઈ ટોકરશી લોડાયાએ કરી હતી. તે સમયે તેમની પાસે ભુજ અચલગચ્છ સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ શાહ ટ્રસ્ટી ભરતભાઈ શાહ  ધીવાળા ઉપસ્થિત હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ટ્રસ્ટી પી.સી. શાહ તથા સમસ્ત ટ્રસ્ટી મંડળની અને યુવા કાર્યકરોની અથાગ જહેમતથી થઈ રહ્યું છે.

# અચલગચ્છાધિપતિ પ.પૂ.મહારાજ સાહેબનો શંખેશ્વર તીર્થથી પાલીતાણા તીર્થનો સંભવિત કાર્યક્રમ



સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણાનો શંખેશ્વર તીર્થથી પાલિતાણા તીર્થ સુધીનો સંભવિત વિહાર કાર્યક્રમ નીચે મુજબ છે. તા.૧૮ ફેબ્રુઆરી શુક્રવાર પાનવા ગૌશાળા (૧૪ કિ.મી.), તા.૧૯ ફેબ્રુઆરી શનિવાર જૈના બાદ ૨૧ કિ.મી., તા.૨૦ ફેબ્રુઆરી રવિવાર બજાણા ૨૦ કિ.મી., તા.૨૧ ફેબ્રુઆરી સોમવાર ખેરવા ૧૩ કિ.મી., સાંજે મોઢવણ ૭ કિ.મી., તા.૨૨ ફેબ્રુઆરી મંગળવાર દેવળિયા ૨૦ કિ.મી., તા.૨૩ ફેબ્રુઆરી બુધવાર શિયાણી તીર્થ ૧૩ કિ.મી., સાંજે ભલગામડા ૧૧ કિ.મી., તા.૨૪ ફેબ્રુઆરી ગુરૂવાર ચચાના ૧૯ કિ.મી., સાંજે રંગપુર ૮ કિ.મી., તા.૨૫ ફેબ્રુઆરી શુક્રવાર તગડી ૧૮ કિ.મી., સાંજે પોલારપુર ૭ કિ.મી., તા.૨૬ ફેબ્રુઆરી શનિવાર પાણવી ૨૩ કિ.મી., સાંજે મૂળધરાઈ ૬ કિ.મી., તા.૨૭ ફેબ્રુઆરી રવિવાર મહેન્દ્રપૂરમ ૧૯ કિ.મી., સાંજે વિમલધામ ૬ કિ.મી., તા.૨૮ ફેબ્રુઆરી સોમવાર સોનગઢ બોર્ડિંગ ૧૫ કિ.મી., તા.૧ માર્ચ મંગળવાર સોનગઢ ગુણોદયધામ બપોરે ૧ કલાકે પ્રવેશ, તા.૨ માર્ચ બુધવાર રાજેન્દ્રધામ, ગુરૂગચ્છ ગૌરવ છરી પાલિત સંઘ પ્રયાણ લાભાર્થી પરિવાર દેઢિયા પરિવાર કોડાય-કાંદિવલી, તા.૩ માર્ચ ગુરૂવાર અઢીદ્વીપ, તા.૪ માર્ચ શુક્રવાર પાલિતાણા તીર્થ પ્રવેશ, તા.૫ માર્ચ શનિવાર તીર્થ યાત્રા સહ સંઘમાળ, તા.૬ માર્ચ રવિવાર શ્રી રાજસ્થાન અચલગચ્છ સંઘ મિલન, તા.૭ માર્ચ સોમવાર યાત્રા, તા.૮ માર્ચ મંગળવાર કચ્છ તરફ પ્રયાણ.

સંપર્ક વિગત અજય-૮૬૯૦૦૮૮૦૩૮ તથા રણછોડ-૮૩૬૯૩૮૦૬૯૦

# વુમન્સ-ડે (મહિલા દિન)

## ૮ માર્ચ એટલે વિશ્વ મહિલા દિવસ

ચાલો આપણી જ્ઞાતિની મહિલાઓના સન્માન નિમિત્તે આપના પરિસરમાં રહેતી કે.ડી.ઓ. મહિલાઓ જેમણે નેશનલ અથવા ઈન્ટરનેશનલ લેવલ પર કોઈ સારુ કાર્ય કર્યું હોય તો તેઓ ૨ ફોટા સાથે 300 શબ્દોમાં વિગત લખીને અમને ઈમેલ કરો. જે અમે જ્ઞાતિમૈયા માં નિ:શુલ્ક એક સંભારણા સ્વરૂપે પ્રકાશિત કરશું.




**ફોટા સાથે વિગત મોકલવાની છેલ્લી તારીખ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ રહેશે**

**આ વિશેષ અંકમાં આપની જાહેરાત આપો**

**કલર ફુલ પેજ રૂા.૧૦૦૦/-**

Manisha Lalka - 9820545734

Varsha Lodaya - 8850486781

Email : gyatimaiya2018@gmail.com

# પ.પૂ.ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.નો સંયમજીવનના ૪૨ વર્ષમાં પ્રવેશ

મહાસુદ ૭ વિક્રમ સંવત ૨૦૩૭ના દિને મેરાઉના માતુશ્રી સાકરબેન દામજી ગંગરના હોનહાર પુત્ર થાણા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય થયા અને પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.નામે ઓળખાયા.

પૂજ્ય સાહેબ થોડા માસ અગાઉ ગણિવર્ય પદવી મેળવી છે. તેઓ સંયમ જીવનના ૪૧ વર્ષ પૂર્ણ કરી ૪૨મા વર્ષમાં પદાપર્ણ કર્યા છે. આગળ સુવર્ણ, હીરક વર્ષ પાર કરી શત શિખર પૂર્ણ કરે એવી અભિલાષા સાથે વંદન.

# ભુજ સંઘમાં વર્ધમાન તપની આયંબિલની ૧૦૦મી ઓળી પૂર્ણાહુતિ અને પારણા પ્રસંગ થયો







કચ્છના ભુજ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સૌમ્યલતાશ્રીજી મ.સા.ની વર્ધમાન તપની આયંબિલની ૧૦૦મી ઓળીની પૂર્ણાહૂતિ અને પારણા પ્રસંગે નિશ્રા પ્રદાન કરવા પ.પૂ.મુનિરાજ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. આદિ ઠાણાનો પ્રવેશ થયો.

મંગલાચરણ બાદ કાર્યક્રમમાં અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના મંત્રી પ્રવીણા ટોકરશી લોડાયા દ્વારા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞાથી પ.પૂ.શ્રી પૂર્ણભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ને ગણિપદ અને ઉપાધ્યાય પદ પ્રદાન થશે તેની જાહેરાત કરેલ.

ત્યારબાદ પ.પૂ.સાધ્વીશ્રી અક્ષયગુણાશ્રીજી મ.સા. આદિઠાણા, પ.પૂ.સાધ્વીશ્રી કીર્તિલતાશ્રીજી મ.સા. આદિઠાણાની સંગાથે સકળ સંઘ સાથે વાજતે ગાજતે ચર્તુવિધ સંઘના પગલા તેમના સંસારી કુટુંબીજનો તરફથી કરાવવામાં આવેલ.

પગલાં બાદ પ.પૂ.સાધ્વીશ્રી સૌમ્યલતાશ્રીજી મ.સા.નું પારણું કરાવવામાં આવેલ તેમજ તપની અનુમોદનાર્થે ગુરૂભક્તિ તરફથી અઠમ તપ કરનાર તપસ્વીઓના પારણા અને બહુમાન કરવામાં આવેલ.





# પ.પૂ.ગણિવર્યોની નિશ્રામાં બદલાપુર નગરમાં ચૈત્ય પરિપાટી સંઘ નીકળ્યો

પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા પ.પૂ.ગણિવર્યશ્રી ધર્મરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા ૪ની નિશ્રામાં તા.૧૯ ફેબ્રુઆરી શનિવાર સવારે બદલાપુર નગર પશ્ચિમથી બદલાપુર પૂર્વના શ્રી મુનિસુવ્રત સ્વામી સુંદર જિનાલય શાનદાર ચૈત્ય પરિપાટી સંઘ નીકળ્યો. જિનાલયમાં શ્રી મુનિસુવ્રત સ્વામીનો ૨૪ હજાર વર્ષ જૂનો ભદ્રબાહુ સ્વામી દ્વારા રચિત વિશેષ ચમત્કારિક મંત્રનો સમૂહમાં જાપ અનુષ્ઠાન થયું. અંતમાં પૂજ્ય ગુરૂદેવએ પોતાના મુખેથી આધિ વ્યાધિ, ઉપાધિ નાશક રિધ્ધિ સિધ્ધિ દાયક મહામાંગલિક સંભળાવ્યું.

# જિનવાણીના જાદુગર ગણિવર્ય પ.પૂ.શ્રી કમલપ્રભસાગરજી મ.સા. સાથે ધર્મચર્ચા જ્ઞાન વિથ ગણિવર્યના સ્પેશિયલ એપિસોડમાં

શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તથા શ્રી કદઓ જૈન સંઘ ભાંડુપના ઉપક્રમે જ્ઞાન વિથ ગણિવર્યનો સ્પેશિયલ એપિસોડ રીલીઝ કરાયો છે. જેમાં જિનવાણીના જાદુગર, ગણિવર્ય પ.પૂ.શ્રી કમલપ્રભસાગરજી મ.સા. સાથે ધર્મજ્ઞાન વિષેની ચર્ચા-સંવાદ કર્યો છે વૈભવ મનોજ લોડાયા. ૯.૧૬ મિનિટનો યુટ્યૂબ વીડિયો લિંક https://youtu.be/0mO_e_P2yws પર ક્લિક કરવાથી પૂરો વીડિયો જોઈ માણી શકાય છે. તો ઘર બેઠા આ જ્ઞાન ચર્ચા સંવાદનો લાભ લઈએ.

# કચ્છના જશાપર તીર્થે જિનાલયનો ૧૪૫મો ધ્વજારોહણ મહોત્સવ સંપન્ન થયો







કચ્છ પ્રદેશના જશાપર તીર્થના જિનાલયનો ૧૪૫મો ધ્વજા મહોત્સવ પ.પૂ.મુનિ શ્રી આર્યરત્નસાગરજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી વિરાગગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં યુવા વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયાના સંગીતમય સથવારે અઢાર અભિષેક, નવકાર જાપ અનુષ્ઠાન તથા સતર ભેદી પૂજા સહ વિવિધ ધર્મ આરાધનાઓ ભક્તિભાવ અને આનંદ ઉલ્હાસ ઉમંગના ભવ્ય ભાવથી ધામધૂમથી સંપન્ન થયો હતો.

# પ.પૂ.સાધ્વીશ્રી નવકાર ગુણાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૧૮ વર્ષમાં પદાર્પણ



મહાવદ ૨ વિ.સં.૨૦૬૧ના દિન તિથિએ નલિયા ગામના માવિત્ર વિજયાબેન દિનેશભાઈ પદમશી લોડાયાની દીકરી સંયમ જીવન પથે નિસરી આત્મકલ્યાણનો માર્ગ સ્વીકારવાનો નિશ્ચય કર્યો અને ઘાટકોપર નગરે દીક્ષા દાતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી. ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા નૂતન નામ પ.પૂ.સા.શ્રી નવકારગુણાશ્રીજી મ.સા. તરીકે ઘોષિત થયા.

પૂજ્ય સાહેબ શુક્રવાર તા.૧૮ ફેબ્રુઆરી મહાવદ બીજ સંવત ૨૦૭૮ તિથિ દિને સકલ પણે સંયમ જીવનના ૧૭ વર્ષ પૂર્ણ કરી ૧૮મા વર્ષમાં પદાપર્ણ કર્યું છે. તેઓનું તપોજીવન રજત, સુવર્ણથી આગળ આગળ સુખ શાતા અને તપ, ધર્મથી શિખર સિધ્ધિ પામે એ અભ્યર્થના સાથે વંદના.

# પૂ.પૂ.ગણિવર્ય સાહેબોની બદલાપુર સંઘમાં પધરામણી થઈ

તા.૧૮ ફેબ્રુઆરી શુક્રવારના રોજે પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા ૪ની મુંબઈ મેટ્રોરિજન પ્રદેશ થાણા જિલ્લાના બદલાપુર નગરમાં વાજતે ગાજતે પ્રવેશ થયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓએ હરખભાવથી સામૈયું કર્યું હતું.

## શિવમસ્તુ તીર્થ પ્રેરક પ્રણેતા પ.પૂ.ગુરૂદેવ શ્રી પૂર્ણભદ્ર મ.સા.ને પદવી પ્રદાન પ્રસંગે પધારવા ટિકીટ અંગે ભાવિકોને તાકીદની સૂચના-સંદેશ

શંખેશ્વર મુકામે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની પદ પ્રદાનની આજ્ઞા મળ્યા બાદ શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ દ્વારા તા.૧૬ ફેબ્રુઆરી બુધવારના દિને શ્રી કવીઓ મહાજનની ખબર પત્રિકામાં પેજ નં.૧૨ ઉપર આ અંગેનો સંદેશો જાહેર રીતે મૂકેલ છે. તા.૬મે ૨૦૨૨ શુક્રવાર વૈશાખ સુદ ૬ના કચ્છના શણગાર સમા મહાતીર્થ ૭૨ જિનાલય મહાતીર્થે પદ પ્રદાનના ભવ્ય સમારોહનો સવારે ૯.૩૦ કલાકે પ્રારંભ થશે.

આ પ્રસંગે સકલ શ્રી અચલગચ્છ જૈન સંઘો શિવમસ્તુ તીર્થના વિશાળ ચાહક વર્ગ, દાતા પરિવારો, ગુરૂ ભક્ત પરિવારો અને પૂજ્યશ્રી પ્રેરિત યુવા વર્ગ વિગેરે ભાવિક, શ્રાવક-શ્રાવિકા વર્ગને અત્યારથી જ અનુરોધ છે કે સમયસર ટિકીટ બુકીંગ કરાવી લેવાથી આપને પ્રસંગ ઉપર સમયસર ઉપસ્થિત રહી લાભ લેવાની કે અનુમોદનાના સહભાગી બનવાની સુગમતા રહેશે. ઉનાળુ વેકેશનનો સમય ગાળો હોવાથી ટિકીટ મેળવવામાં મુશ્કેલી ન થાય એ માટે આજથી લગભગ ૭૫ દિવસ અગાઉ આપ સહુને આ જાણકારી અત્યારે વોટસએપ દ્વારા આપીએ છીએ. પછીથી ખબર પત્રિકામાં પણ જરૂરથી યાદ અપાવીશું. આપ સૌ રહેજો તૈયાર આ અવસર હશે મનોહર, અમે ચોક્કસ કરશું ઈન્તજાર, ગુરૂભક્તિનો છે આ ઉપહાર.

---

## શંખેશ્વર તીર્થે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય અંજનશલાકા પ્રતિષ્ઠા, પાર્શ્વ ગુણ કલ્યાણોત્સવ, પાંચ કલ્યાણક ઉજવણી થઈ

શંખેશ્વર તીર્થે મઠુબાપા ભવને માતુશ્રી શિલાબેન કુંવરજી ઠાકરશી ગડા જૈનમ પરિવાર સ્વદ્રવ્યે દેવવિમાન તુલ્ય નિર્મિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. દાદાવાડી અંજનશલાકા પ્રતિષ્ઠા, પાર્શ્વગુણ કલ્યાણોત્સવ પાંચ કલ્યાણક ઉજવણી થઈ જેનો લાઈવ વીડિયો લિન્ક https://youtu.be/h2X1kPUsR_Y ઉપર ૨.૦૬ કલાકનો જોઈ ધર્મ લાભ લઈ શકાશે.

---

## શંખેશ્વર તીર્થ નગરે મઠુબાપા ભવનમાં સિધ્ધચક્ર તથા મહાલક્ષ્મીદેવી પૂજન ભવ્યપણે સંપન્ન થયું

તા.૧૫ ફેબ્રુઆરી મંગળવાર દિને સવારે ૬ કલાકથી શંખેશ્વર તીર્થના આંગણે મઠુબાપા ભવનના આંગણે શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના પરમ અનુગ્રહમાં સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના સાંનિધ્યમાં સિધ્ધચક્ર તથા મહાલક્ષ્મીદેવીની આરાધના ભવ્યતાથી થઈ. સદર પૂજા આરાધનાનો ૧.૫૫ કલાકનો વીડિયો યુટ્યૂબ લિન્ક https://youtu.be/HEGaTr0zldk ઉપરથી જોઈ માણી ધર્મ લાભ ઘર બેઠા લઈ શકાશે.

---

## જલગામ શ્રી સંઘના અધ્યક્ષ પદે શ્રી લલિતભાઈ વર્ધમાન લોડાયાની વરણી થઈ

લગભગ છ-સાત દાયકા બાદ દશાઈ જ્ઞાતિ માટે એક સુખદ સરસ અને આનંદદાયક તેમજ ગૌરવ ભર્યા સમાચાર છે કે આપણી જ્ઞાતિના તેમજ અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટી વર્ય શ્રી લલિતભાઈ વર્ધમાન લોડાયા જેઓ છેલ્લા પાંચ વર્ષથી શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ જલગામના ટ્રસ્ટી પદે આરૂઢ છે. તેમજ સફળતાપૂર્વક કાર્ય સૂત્રનું સંચાલન કરી રહ્યાં છે. તેઓની તા.૧૪ ફેબ્રુઆરી સોમવારના સંવત ૨૦૭૮ માઘ સુદ ચૌદસના રોજે પ.પૂ.સાધ્વીવર્યા શ્રી સંવેગ નિધિશ્રીજી મ.સા.ના ૪૫મા દીક્ષા દિન મહોત્સવે શ્રી કોઠારી મંગલ કાર્યાલયમાં આયોજિત કાર્યક્રમમાં સાધ્વીવર્યા પ.પૂ.શ્રી સંવેગનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણા ૧૨ની નિશ્રામાં આ જાહેરાત કરાઈ. જે હર્ષ ખુશી ભરી ઘોષણાનો પ્રતિસાદ બહોળી સંખ્યામાં ઉપસ્થિત સૌએ હર્ષોલ્લાસ સાથે તાળીઓના ગડગડાટ સાથે નવનિયુક્ત શ્રી સંઘ અધ્યક્ષને હાર્દિક વધામણા આપ્યા હતા અને તેઓશ્રીના નેતૃત્વમાં જલગામ શ્રી સંઘના રૂડા કાર્યો સંપન્ન થાય એવી શુભેચ્છા પ્રદાન કરી હતી.

## જીવદયા પ્રવૃત્તિનો લાભ લેનાર દાતાશ્રીની અનુમોદના



તા.૧૪ ફેબ્રુઆરી સોમવારના મૂળ નાયક શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની આંગી કરાવવાનો લાભ લેનાર દાતાશ્રી તથા પક્ષીને ચણ, કૂતરાને રોટલા આપવાનો લાભ તથા પાંજરાપોળના અબોલ જાનવરોને મીઠી રાબ આપવાનો લાભ લેનાર દાતાશ્રી શાહ ધનજી કલ્યાણજી ધરમશી કચ્છ ગામ સુથરીવાલાની ૩૨મી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે કીર્તિભાઈ ધનજી ધરમશી બેંગલોરની ખૂબ ખૂબ અનુમોદના સહ આભાર.

## મોહના આંબિવલી સંઘમાં શ્રી સુમતિનાથ જિનાલયની સાલગિરાહ નિમિત્તે ધ્વજા મહોત્સવ પ્રસંગે ધર્મ આરાધનાઓ થઈ



મુંબઈ મેટ્રોરિજનના થાણા જિલ્લાના મોહના-આંબિવલી સંઘમાં સુમતિનાથ જિનાલયની સાલગિરાહ નિમિત્તે ધ્વજા મહોત્સવ પ્રસંગે ૧૮ અભિષેક સહ ધર્મ આરાધનાઓ પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા., પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મરત્નસાગરજી મ.સા., ઓજસ્વી યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા., આદિ ઠાણાની પાવન નિશ્રામાં ઉજવણી વિધિકાર ચિરાગભાઈ સંઘોઈ સંગાથે અદ્‌ભૂત ભાવ સાથે થઈ.

## શ્રી કેડીઓ સ્ટુડન્ટ એસોસિએશન દ્વારા મહિલા બહેનો માટે દ્વિદિવસીય ધર્મ ચક્ર તીર્થ યાત્રાનું આયોજન




આંતરરાષ્ટ્રીય વુમન્સ ડે નિમિત્તે શનિવાર, તા.૫ માર્ચ અને રવિવાર, તા.૬ માર્ચ રોજ ધર્મ ચક્રતીર્થ યાત્રાનું આયોજન પ્રતિ દીઠ રૂ.૯૯૯/-ના દરે કરાયું છે. યાત્રા સ્પોન્સર્સ સંઘમાતા માતુશ્રી દમયંતિબેન રતનશી કુંવરજી લોડાયા પરિવાર સાંયરા-ઉજ્જૈન છે. આ યાત્રામાં ૧૫ વર્ષથી ૫૫ વર્ષીય મહિલા બહેનો જોડાવવાનો પાત્રતા ધરાવે છે. ચૌવિહાર સૌને માટે ફરજિયાત છે.

તા.૫ માર્ચ શનિવાર પ્રથમ દિવસે પાંચતીર્થની જાત્રા અને સંધ્યા ભક્તિ, દ્વિતીય દિવસ તા.૬ માર્ચ રવિવારના વર્ધમાન શક્રસ્તવ મહાઅભિષેક અને એમ. આઈ.ટી.સી રોલિંગ મિલ્સ પ્રા.લિમિટેડની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ પ્રવાસ યાત્રાના કો સ્પોન્સર્સ એમઆઈટીસી રોલિંગ મિલ્સ પ્રા. લિમિટેડ ચાંપશી માણેકજી શાહ એન્ટરપ્રાઈઝીસ, માતુશ્રી ચેતનાબેન દેવશી લોડાયા પરિવાર હસ્તે હિરાલાલ હંસરાજ ડાઘા, મેસર્સ યુ.એમ.ખોના એન્ડ કાં., માતુશ્રી ગોમાબેન હેમરાજ લોડાયા હસ્તે કિંજલ બ્યૂટી પાર્લર, માતુશ્રી ભચીબાઈ શામજી કુરૂવા સમસ્ત પરિવાર, મે.જેઠાભાઈ ડુંગરશી ટ્રાન્સપોર્ટ કાં., પી.પી.ઓઈલ પ્રા.લિમીટેડ હસ્તે પ્રતાપ નરશી ધરમશી, શ્રીમતી મનોરમાં તિલકચંદ લોડાયા અને એક વેલ વિશર.

વિધિકાર શ્રેણિક ગાલા, સંગીતકાર ભરત ઓસવાલ અને ટીમ રજિસ્ટ્રેશન ફોર્મ ભરવા માટેની લિંક https://forms.gle/YD93WgCahsorT2jG9

વધુ વિગત માટે સંપર્ક કાજલ ધરોડ-૯૦૦૪૨૯૬૫૧૪, ક્રિશા સાયલા-૭૫૦૬૦૮૬૭૦૯

# શ્રી ભલારા દાદા ભાવિક ગ્રુપ વરંડી મોટી












કચ્છ વરંડી મોટી સ્થાનકે બિરાજમાન શ્રી ભલારા દાદા, સચ્ચાઈ માતાજી તથા શ્રી ક્ષેત્રપાળ દાદાની માગશર સુદ પાંચમના ધ્વજા મહોત્સવની ભવ્ય ઉજવણી બાદ તા.૧૩.૦૨.૨૦૨૨ ને રવિવારના શુભ દિવસે સવારના ૯.૦૦ થી બપોરે ૨.૦૦ દરમ્યાન કુકરેજા મીની હોલ, ભાંડુપ ખાતે સમૂહ પહેડીનું આયોજન ભાવિકોની ઉપસ્થિતિએ હર્ષોલ્લાસથી સંપન્ન થયેલ.

સંપૂર્ણ પહેડીના સૌજન્ય દાતા માતુશ્રી ચંદનબાઈ દેવશી લોડાયા, વરાડિયા - ઘાટકોપર પરિવાર

ભક્તિમય ભાવના શ્રી અનંત મિત્ર મંડળ, ભાંડુપના ભાઈઓ દ્વારા સુર તાલ સાથે સૌ ભાવિકોને તરબોળ કરી દીધા.

આવતા વર્ષની સ્થાનકે ધ્વજા મહોત્સવ માટે શિખરની ધ્વજા માતુશ્રી સોનબાઇ કુંવરજી ખીમજી દંડ, સુથરી તથા ઘુમ્મટની ધ્વજા માતુશ્રી તારાબાઈ કલ્યાણજી લોડાયા, મંજલ પરિવારને ઉછામણી દ્વારા આદેશ આપવામાં આવેલ.

વાર્ષિક અહેવાલ રમેશ લોડાયા દ્વારા આપવામાં આવેલ.

સ્થાનકે ઉજવાયેલા ધ્વજા મહોત્સવ લાભાર્થી માતુશ્રી ચંદન બાઈ કલ્યાણજી લોડાયા, વરંડી તથા માતુશ્રી તારાબાઈ કલ્યાણજી લોડાયા, મંજલ પરિવારોનું તેમજ સમૂહ પહેડીના દાતા માતુશ્રી ચંદનબાઈ દેવશી લોડાયા પરિવારનું અને અનંત મિત્ર મંડળના શ્રી કિરીટ દામજી લોડાયા તથા ફાલ્ગુન ભાઈનું અભિવાદન ભાવિકો દ્વારા કરવામાં આવેલ.

દર વર્ષે માર્ગદર્શક રહેતા શ્રી મનોજભાઈ દેવશી ધ્રોળ, ડોમ્બિવલીની સેવાવૃતીની સૌ ભાવિકોએ તાળીઓના ગડગડાટથી અનુમોદના કરેલ.

શ્રી ભલારા દાદા ભાવિક ગ્રુપ, વરંડી મોટી વતી રમેશ લોડાયા





# ડોંબિવલી સંઘમાં દીક્ષાર્થી મુમુક્ષુ મૌલિકુમારીની દીક્ષા વિધિ સંપન્ન થઈ

## સંયમી જીવનનું નામ પ.પૂ.માંગલ્યગુણાશ્રીજી મ.સા. જાહેર થયું




તા.૧૩ ફેબ્રુઆરી રવિવારના દિને ડોંબિવલી શ્રી અચલગચ્છ જૈન સંઘમાં દીક્ષાર્થી બાલ મુમુક્ષુ મૌલિકુમારી રાજેશભાઈ મૈશેરી ગામ કચ્છ લાલાની દીક્ષાવિધિ ભવ્યતાથી સંપન્ન થઈ. નૂતન દિક્ષીત સાધ્વીજી સંયમી જીવનનું નામ પ.પૂ. સાધ્વીશ્રી માંગલ્યગુણાશ્રીજી મ.સા. નામ પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી મહોદયસાગરજી મ.સા.એ જાહેર કર્યું હતું. તેઓ પ.પૂ. સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા બન્યા છે.




# યવતમાલ નગરના શ્રી સુમતિનાથ જિનાલયની સાતમ વર્ષગાંઠ ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગ નિમંત્રણ

યવતમાલ નગરના પંચમ જિનેશ્વર મૂળનાયક પ્રભુ શ્રી સુમતિનાથ જિનાલયે એવમ આધ્યાત્મયોગી કચ્છ, વાગડ દેશોધ્ધારક આ.ભ.પ.પૂ.શ્રીમદ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા. ગુરૂ મંદિરની સપ્તમ વર્ષગાંઠ અને આઠમો ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે તા.૨૨ ફેબ્રુઆરી મંગળવારથી તા.૨૪ ફેબ્રુઆરી ગુરૂવાર સુધી ત્રિહાન્હિકા અનુષ્ઠાન ઉત્સાહ ઉમંગ સાથે થશે.

તા.૨૨ ફેબ્રુઆરી મંગળવારે ૧૨.૩૫ કલાકે અઢાર અભિષેક, બુધવાર તા.૨૩ ફેબ્રુઆરી સવારે ૮ કલાકે શોભાયાત્રા, સવારે ૯ કલાકે સતર ભેદી પૂજા, સવો ૧૨.૩૫ કલાકે ધ્વજારોહણ, ત્યારબાદ સ્વામિવાત્સલ્ય સાધર્મિક ભક્તિ, તા.૨૪ ફેબ્રુઆરી ગુરૂવાર સવારે ૯ કલાકે સિધ્ધ ચક્ર પૂજન, વિધિકાર હર્ષદભાઈ શાહ આકોલાના સાંનિધ્યમાં. લાભાર્થી ડૉ.સૌ.સારિકા મહેશજી શાહ પરિવાર યવતમાલ. જિનાલય ધ્વજારોહણ તથા સાધર્મિક ભક્તિના સંયુક્ત લાભાર્થી વર્ષ ૨૦૨૨ આશીષ કુમાર સુભાષ બાબુ ખિંવસરા યવતમાલ, સ્વ.દેવરાજજી બોથરા પરિવાર અમરાવતી, રોહણ પાર્શ્વ બરલોટા યવતમાલ તથા અશોકભાઈ બચુભાઈ દોશી યવતમાલ. આ.ભ.શ્રી કલાપૂર્ણસૂરિશ્વરજી મ.સા. ગુરૂ મંદિરની કાયમી ધ્વજારોહણના લાભાર્થી બચુભાઈ ધોરાજીવાળા પરિવાર યવતમાલ અને પ્રકાશભાઈ નગીનદાસજી નગરીયા નાગપૂર.

આ પ્રસંગે લાભ લેવા ભાવિકોને ભાવપૂર્ણ નિમંત્રણ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ,કેશરિયા ભવન, લકડગંજ યવતમાલ ફોન નં.૭૭૪૪૮૯૪૭૩૧ દ્વારા અપાયું છે.

# ૧૨ વર્ષીય કુ. ભૂમિ ગૌરવ દંડની ૯૯ યાત્રા શાતાપૂર્વક થઈ



૧૨ વર્ષીય કુમારી ભૂમિ ગૌરવ ભરતભાઈ દંડ મલકાપુર જૈન ધર્મ પ્રત્યેની શ્રધ્ધા આસ્થા અને ધર્મતપના બળે નાની વયે શાતાપૂર્વક ૯૯ યાત્રા પૂર્ણ કરેલ છે. ક.દ.ઓ. જૈન સમાજવતી ખૂબ ખૂબ અનુમોદના.

## ડોંબિવલી સંઘમાં મુમુક્ષુ મૌલીબેનના દીક્ષા મહોત્સવમાં મહેંદી રસમ કાર્યક્રમ થયો





તા.૭ ફેબ્રુઆરી સોમવાર રોજે ડોંબિવલી સંઘમાં દીક્ષાર્થી મુમુક્ષુ મૌલીબેના દીક્ષા મહોત્સવમાં મહેંદી રસમનો કાર્યક્રમ યોજાયો. સંઘની શ્રાવિકા બહેનોએ ભાવપૂર્વક આ કાર્યક્રમમાં જોડાઈ શુકનવંતી મહેંદી રસમ વિધિમાં સહભાગી થઈ ધન્ય થયા હતા.

## પ.પૂ.સાધ્વીશ્રી માર્ગદર્શિતાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના તૃતીય વર્ષમાં પ્રવેશ



વિ.સં.૨૦૭૬ મહાસુદ આઠમની તિથિ દિને તેરા-રાયપુરના માવિત્ર પ્રભાબેન મહેન્દ્ર લોડાયાના અભ્યાસમાં હોનહાર સી.એ.ની ડિગ્રી મેળવેલ લાડકવાયા પુત્રી ક્ષણ ભંગુરનો મોહ ત્યાગી સંયમ જીવન સ્વીકારવા કટિબધ્ધ થયા. ખાનદાન પ્રાંતના ચાલીસગામમાં પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી. ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા થયા અને પ.પૂ.સાધ્વીશ્રી માર્ગદર્શિતાશ્રીજી મ.સા. સી.એ. તરીકે ઓળખ પામ્યા.

સંયમજીવન પથનો ૨જું વર્ષ પૂર્ણ કરી તૃતીય વર્ષમાં પ્રવેશ કરેલ છે. જેનો હરખ છે પૂજ્ય સાહેબનો સંયમ જીવન સકુશલ ધર્મતપ સાથે અવિરત રહે એ ભાવના સાથે શત શત વંદન.

## શ્રી અખિલ ભારત અચલગચ્છવિધિપક્ષ શ્વે.જૈન સંઘ દ્વારા દીક્ષાર્થી મુમુક્ષુનું બહુમાન અને વિજયી તિલક કરાયું



શ્રી અખિલ ભારત અચલગચ્છવિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના દ્વારા દીક્ષાર્થી મુમુક્ષુ મૌલીકકુમારી રાજેશભાઈ મૈશેરી ગામ કચ્છ લાલાનું ડોંબિવલી સંઘમાં બહુમાન કરાયું અને વિજયી તિલક કરાયું.

# અબડાસાની મોટી પંચતીર્થીના કોઠારા નગરના મેરૂપ્રભતીર્થ શ્રી શાંતિનાથ જિનાલયની ૧૬૧મી સાલગિરાહ ભવ્યતાથી ઉજવાઈ





કચ્છ પ્રાંતના અબડાસા પ્રદેશના મોટી પંચતીર્થીના કોઠારા નગરના મેરૂપ્રભતીર્થ શ્રી શાંતિનાથ જિનાલયની ૧૬૧મી વર્ષગાંઠ પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા આદિ ઠાણા ૨ની પાવનકારી નિશ્રામાં ઉજવાઈ. આ પ્રસંગે દેશદેશાવટ તેમજ મુંબઈ અને સમગ્ર કચ્છમાંથી ભાવિકો માદરે વતન પધાર્યા હતા.

શ્રી શાંતિનાથ પ્રભુજીની મુખ્ય ધ્વજારોહણનો તથા મૂળ નાયકના રંગમંડપની ધ્વજાનો લાભ માતુશ્રી જ્યોતિબેન જીતેન્દ્ર ધરમશી હસ્તે નેહલબેન વિકેશ ધરમશી પરિવારે, મુનિસુવ્રત સ્વામીની ધજા માતુશ્રી પ્રેમાબાઈ લાલજી અજાણી, આદેશ્વર પ્રભુજીની ધ્વજારોહણનો લાભ વીરચંદ માણેકજી મૈશેરી, જૂના શાંતિનાથની ધ્વજારોહણનો લાભ માતુશ્રી ભચીબાઈ ઝવેરચંદ લોડાયા તથા ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુજીની ધ્વજારોહણનો લાભ માતુશ્રી કુંવરબાઈ પદમશી લોડાયા પરિવારે લીધો હતો. આ અવસરે કોઠારા મહાજનશ્રીના પ્રમુખ નલિનભાઈ અજાણી, ટ્રસ્ટી મધુકાન્તભાઈ શાહ, દિનેશભાઈ અજાણી, અનંતનાથજી ટ્રસ્ટ મુંબઈના ટ્રસ્ટી મનોજભાઈ લોડાયા (ભાંડુપ), વિકેશભાઈ ધરમશી તથા બહારગામથી ખાસ પધારેલા મહેમાનો અને શ્રાવક શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

સ્નાત્રપૂજા, સત્તરભેદી પૂજા, રાસ, ચામર નૃત્ય અને ગીત સંગીતની રમઝટ સાથે ભાવિકો પ્રભુ ભક્તિમાં તરબોળ બન્યા હતા. બપોરની સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી હીરાવંતીબેન ખેતશી દંડ પરિવારે લીધો હતો. ધ્વજારોહણની વિધિવિધાન તથા સંગીતની રમઝટ કમલેશભાઈ ગોસ્વામી એન્ડ પાર્ટીએ રંગપૂર્વક જમાવી હતી.

યશોમતિબેન મૈશેરી, રમિલાબેન લોડાયા, જયાબેન મુનવર, વિમળાબેન લોડાયા, સરલાબેન મોતા, કાન્તાબેન પાલાણી, ધનલક્ષ્મીબેન નાગડા, નેહલબેન ધરમશી, ખુશ્બુ હેફા તથા સર્વે બહેનો એ રાસની રમઝટ જમાવી હતી. આ પ્રસંગે જીવદયાના કાર્યરૂપે શ્રી કોઠારી જૈન સંઘ દ્વારા કોઠારા પાંજરાપોળની ગૌમાતાઓને લાપસીનું ભોજન જમાડવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે જ્યારે આભાર દર્શન દિનેશભાઈ અજાણીએ કરેલ. વ્યવસ્થા આયોજનમાં યશોમતીબેન મૈશેરી, જ્યોતિબેન લાલકા, પુષ્પાબેન અજાણી, લહેરચંદ લોડાયા, હરીશ મુનવર, ધનપતિ લોડાયા, દિનેશ મોતા, કાંતિલાલ લાલકા, વર્ધમાન લોડાયા, ગુલાબ મોતા, મહેન્દ્ર લોડાયા તથા સર્વે કાર્યકાર ભાઈ બહેનોએ સહકાર આપ્યો હતો.

# વારાપધ્ધર તીર્થે શ્રી આદિનાથ દાદા જિનાલયનો ૧૬૧મો ધ્વજા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો





કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના વારાપધ્ધર નગરના શ્રી આદિનાથ દાદા જિનાલયની ૧૬૧મા વર્ષગાંઠ અવસરે પ.પૂ. સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયાના સથવારે અઢાર અભિષેક, સીમંધર સ્વામીની ભાવયાત્રા, સતરભેદી પૂજા સહ વિવિધ ધર્મ આરાધનાઓ સાથે ધ્વજારોહણ સહ મહોત્સવ ધામધૂમથી થયો.

# કચ્છી ભવન પાલિતાણા મધ્યે નવદીક્ષિત સાધ્વી મહારાજ સાહેબોને વડી દીક્ષાના જોગ પ્રવેશ વિધિ થઈ





પાલિતાણા કચ્છી ભવન મધ્યે શ્રી નિત રુચિ ગુણ ગુણોદય ગુલાબ વસંત શત્રુંજ્ય તીર્થ ૯૯ યાત્રાના નિશ્રા દાતા પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ શ્રમણ ભગવંતો તેમજ પ.પૂ. પ્રવર્તીની મહતરા સાધ્વી મુખ્ય વસંત પ્રભાશ્રીજી મ.સા. આદિ શ્રમણી ભગવંતોની નિશ્રા ઉપસ્થિતિમાં નવ દીક્ષિત પ.પૂ.સાધ્વીશ્રી રત્નનિધિશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી કાર્યરક્ષિતાશ્રીજી મ.સા.ને વડી દીક્ષાના જોગ પ્રવેશ વિધિ અને ૬૦ જેટલા શ્રાવક શ્રાવિકાને ૧૨ વ્રત અંગીકાર કરવા નાણ વિધિ કરાવાઈ.

# આઈસીસીસીના એડવાઈઝર બોર્ડના મેમ્બર તરીકે હેમંત શાહની વરણી



Chambre de Commerce
Indo-Canada
Chamber of Commerce

**Media Release**

**Hemant Shah Appointed to ICCC Advisory Board**

11 February 2022, Toronto: The Board of Directors of the Indo-Canada Chamber of Commerce (ICCC) appointed Hemant Shah as a member of the Advisory Board.

Mr. Shah is a pioneer in Canada – India bilateral trade. He started a trading venture nearly five decades ago from Winnipeg. A forward-thinking and community-minded business leader with demonstrable experience in the promotion and development of international trade, he has a successful record in the establishment of productive export opportunities to countries in Asia, Europe, North America, and the Middle East. Mr. Shah is a recipient of several prestigious awards from the business community and government.

Mr. Shah took a leading role in establishing a memorandum of understanding between Canada and India to expand trade relations between the two countries. He facilitated many trade missions to India on behalf of Canadian government departments.

During his long and illustrious career, he represented 41 Canadian businesses from Manitoba at a trade show sponsored by Canada. He has organized and coordinated several delegations to India and Southeast Asia in cooperation with the Department of International Affairs, International Trade and Western Economic Diversification.

A community leader with a formidable reputation of serving the Indo-Canadian community not just in Manitoba but across Canada, Mr. Shah is active in promoting the interests of Indo-Canadians and helps newcomers as well as established Indo-Canadians contribute to the fabric of the Canadian mainstream.

Contact:

Mayank Bhatt
Executive Director
Indo-Canada Chamber of Commerce

ઈન્ડો કેનડા ચેમ્બર ઓફ કોમર્સ આઈસીસીસીની ૧૧ ફેબ્રુઆરીના ટોરેન્ટો ખાતે મળેલ બોર્ડ ઓફ ડિરેક્ટરની બેઠકમાં એડવાઈઝરી બોર્ડના મેમ્બર તરીકે કચ્છી ઉદ્યોગપતિ અને ૫૦ વર્ષથી વૈશ્વિક વ્યાપારના અનુભવી એવા મૂળ વરાડિયાના હેમંત એમ.શાહ લોડાયા (ગુંદરવાળા)નું નિમણુંક કરાઈ છે. હેમંત શાહ કેન્ડા ઈન્ડિયા વ્યાપારના પાયોનિયર છે. ઓવરસીઝ ફ્રેન્ડસ ઓફ ઈન્ડિયા કેનેડા **OFIC** ના માધ્યમથી તેઓએ કુનેહપૂર્વક બંન્ને દેશ વચ્ચેના વ્યાપારી સંબંધોને વેગ આપવાનું કાર્ય કર્યું છે. ગ્લોબલ કચ્છી માડુ એવા હેમંત શાહ-લોડાયા ગુંદરવાલા પાંચ દાયકા પૂર્વે કેનેડાના વિનિપેગ શહેરમાં વસીને વ્યાપાર સાહસ આરંભ્યુ. એશિયા, યુરોપ, ઉત્તર અમેરિકા અને મધ્યપૂર્વના દેશોમાં નિકાસની શક્યતાઓ વધારવામાં તેમનો સફળ રેકોર્ડ છે. તેમણે કેનેડાવતી ભારત અને એશિયાના અન્ય દેશો સાથે વ્યાપાર વૃધ્ધિ માટે ઘણી જહેમત ઉઠાવી છે.

એડવાઈઝરી બોર્ડમાં સ્થાન પામનાર તેઓ પ્રથમ કચ્છી છે. ૪૫ વર્ષ જૂની ઈન્ડો. કેનેડા ચેમ્બર ઓફ કોમર્સ કેનડા દેશની પ્રતિષ્ઠિત સંસ્થા છે અને બંન્ને દેશની સરકાર તેને મહત્વ આપે છે. આ બાબતે વધુ વિગત આપતા તેઓ કહ્યું કે કેનેડા ભારત વચ્ચેના વ્યાપારના મારા અનુભવને ધ્યાનમાં લઈને ચેમ્બર્સએ મારી નિયુક્તિ કરી છે. આ અગાઉ વર્ષ ૧૯૯૪-૯૫માં બોર્ડ ઓફ ડાયરેક્ટર્સમાં હું નિમાયો હતો. વ્યાપાર સંબંધો વિકસાવવા મારો દ્રષ્ટિકોણ ભારતના નાના દેશોને મહત્વ આપવાનું છે. જેવા કે મહારાષ્ટ્રમાં કોલ્હાપુર, સાંગલી, એ રીતે ગુજરાતમાં કચ્છને ખાસ મહત્વ આપવું છે. યુપીમાં વારાણસી સાથે વ્યાપાર વિકસાવવાની યોજના છે તથા આઈસીસીસીના યુવા ડાયરેક્ટરોને તૈયાર કરવા છે. જેથી બંન્ને દેશોને એનો સુયોગ્ય લાભ મળે.

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી પ્રસ્તુત ચેસ ચેમ્પિયનશીપ ૨૦૨૨

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી દ્વારા ચેસ ચેમ્પિયનશીપ ૨૦૨૨ ઈન્ટરનેશનલ સ્ટાન્ડ્ડ નિયમો સ્ટોપ વોચ સાથે આયોજન તા.૨૭ ફેબ્રુઆરી રવિવાર રોજે ઈવ વર્લ્ડ હોસ્પિટલ, અંતરાલી, હીરાનગર, પાલવ ફેઝ-૨ની સામે, હેડુતને, પાઈપ લાઈન રોડ ડોંબિવલી (પૂર્વ) સ્થળે આયોજિત કરાઈ છે. રજિસ્ટ્રેશન ફ્રી છે અને રજિસ્ટ્રેશન માટેની અંતિમ તા.૨૫ ફેબ્રુઆરી શુક્રવાર છે. તો વહેલી તકે ગુગલ ફોર્મ લિન્ક https://docs.google.com/forms/d/e/1FAIpQLSfrBYFtF820JLyImbd8ZVCdf5S13Ijh6rFvOjmQOUoMfzPqfA/viewform?usp=sf_link પર ફોર્મ વિગત સર ભરી નામ રજિસ્ટ્રર કરાવો. આ ફોર્મમાં પૂરું નામ, ઉંમર, જેન્ડર, રહેણાંક સ્થળ, મૂળગામ, કોન્ટેક્ટ નંબર, ઈમેઈલ વિગત ભરી પડશે.

# માંડવી નગરના શિવમસ્તુ તીર્થની આઠમી સાલગિરાહ રંગચંગે ઉજવાઈ

કચ્છના રમણીય બંદરીય શહેર માંડવી નગરના ધર્મ ધન્ય તીર્થ શિવમસ્તુ તીર્થે મહા સુદ ૧૩ તા.૧૩ ફેબ્રુઆરી રવિવારના રોજ ભાવિકોની વિશાળ સંખ્યાની હાજરીમાં અને મુનિ ભગવંતો, સાધ્વીજી ભગવંતો સહિત ૧૬ ઠાણા અને દાતા પરિવારોના ઉલ્લાસ વચ્ચે ધ્વજારોહણ કાર્યક્રમ ભવ્યતાથી ઉજવાયો. જે તીર્થની યાત્રા અને દર્શન માટે અનેક સંઘોનું દિલ તત્પર હોય છે. એવા શિવમસ્તુ તીર્થને આગળ જતાં હજુ વધારે ડેવલપ કરી શાનદાર, જાજરમાન બનાવવાની વિચારણા તીર્થ સ્થાપક પ.પૂ.ગુરૂદેવ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.ની નિશ્રામાં ટ્રસ્ટી શ્રી અને દાતા પરિવારોએ કરી હતી.

વાર્ષિક પૂજા સામગ્રીમાં રૂા.૧૧ હજારના નકરાથી કુલ્લ ૪૨ દાતા પરિવારોના નામો ઘોષિત કરાયા હતા. તો રૂા.૫૧ હજારમાં પણ સાધુ સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચ માટે એક ભાગ્યશાળીનું નામ જાહેર થયું હતું.

# પ્રશમ રસનિધિ આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. મુલુંડ ઈસ્ટમાં પધરામણી કરશે





પ્રશમ રસનિધિ આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના વિહાર કાર્યક્રમ મુજબ તા.૧૪ ફેબ્રુઆરી સોમવારના સલસ નગર, તા.૧૫ ફેબ્રુઆરી મંગળવારના ભીંવડી, તા.૧૬ ફેબ્રુઆરી બુધવારના કામણ તીર્થ, તા.૧૭ ફેબ્રુઆરી ગુરૂવાર એન્કર પાર્ક, નાલાસોપારા ઈસ્ટ, તા.૧૮ ફેબ્રુઆરી શુક્રવારના એન્કર પાર્કમાં જિનાલયના શિલાન્યાસ કાર્યક્રમમાં નિશ્રા પ્રદાન કરીને ગિરનાર ધામ તથા લોઢાધામ, તા.૧૯ ફેબ્રુઆરી શનિવારના કાસાર વડવલી વિહાર કરી તા.૨૦ ફેબ્રુઆરી રવિવારના મુલુંડ ઈસ્ટ સંઘમાં પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ને ગણિવર્ય પદવી પ્રદાન તથા નવ દીક્ષિત પ.પૂ.સાધ્વીશ્રી માંગલ્યગુણાશ્રીજીને વડી દીક્ષા માટેના જોગમાં પ્રવેશ પધરામણી કરશે.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| ૫। પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ગુણોદયપુરમ મધે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયની પાંચમી વર્ષગાંઠે ધ્વજારોહણ અને અઢાર અભિષેક ભક્તિભાવથી થયા





તા.૬ ફેબ્રુઆરી રવિવારના દિને પાલીતાણા તીર્થના ગુણોદયપુરમ મધે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયની ૫મી વર્ષગાંઠ પ્રસંગે પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ ૫૨ જેટલા શ્રમણ શ્રમણી ભગવંતોની નિશ્રામાં વિધિકાર શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયાના સથવારે ધ્વજા રોહણ અને અઢાર અભિષેક ભક્તિભાવથી થયા.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**લક્ષ્મીબેન શિયાળ**
તા.૬ ફેબ્રુઆરી (ઉ.૭૧)
જખૌ-ભાંડુપ



**નીતિન મોતા**
તા.૬ ફેબ્રુઆરી (ઉ.૫૬)
નલીયા-ભાંડુપ



**તરલા શાહ**
તા.૮ ફેબ્રુઆરી (ઉ.૭૩)



**વિમલા છેડા**
તા.૯ ફેબ્રુઆરી (ઉ.૭૮)
સુજાપુર-કલીકટ



**નવીનચંદ ખોના**
તા.૧૪ ફેબ્રુઆરી (ઉ.૮૩)
વાંકુ-જલગામ



**ગુલાબચંદ પોલડિયા**
તા.૧૪ ફેબ્રુઆરી (ઉ.૮૧)
બાયઠ-ઘાટકોપર



**મણિલાલ ખોના**
તા.૧૮ ફેબ્રુઆરી (ઉ.૮૭)
સુથરી-ખાર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છના ઐતિહાસિક શહેર અંજારનો ૧૪૭૭ મો સ્થાપના દિવસ નિમિત્તે સવારે શોભાયાત્રા અંજાર નગરપાલિકાથી ઢોલ અને શરણાઈ કલશ ધારી બાલિકાઓ, અગ્રણીઓ તથા શહેરીજનો સાથે નીકળી હતી. શોભાયાત્રા અજેપાલ મંદિરે પહોંચી જ્યાં શાસ્ત્રોક્ત વિધિ સાથે પૂજન બાદ ગંગા નાકે ખીંટી પૂજન અને તોરણ વિધિ થઈ હતી. જેસલ જાડેજા, સતીરાણી તોરલ, બાર બીજના ધણીની પાટ પરંપરા, અજેપાળ ધણીના બેસણાં, મેકમર્ડોનું નિવાસ સ્થાન અને એક નહીં પણ ૧૮૧૯, ૧૯૫૬ તથા ૨૦૦૧ના ગોઝારા ભૂકંપનું સાક્ષી છતાં વિચલિત ન થઈ વિકાસ માટે સતત પ્રતિબધ્ધ એવું શહેર છે. રાજકીય ઈચ્છા શક્તિના અભાવે અંજાર મોટો ભા હોવા છતાં ૬૦-૭૦ વર્ષ પૂર્વે જ અસ્તિત્વમાં આવેલા ગાંધીધામના વડા ભા' તરીકે થતી ઓળખ અંજારવાસીઓને દિલમાં ખટકે છે. પૂર્વ કચ્છનું વડું મથક બનવા માટે ઝડપભેર આગળ વધી રહેલ. અંજારની વસતી એક લાખને પાર થઈ ગઈ છે.

● દિલ્હીમાં આયોજિત નેશનલ સ્પર્ધા મિસીસ ઈન્ડિયા વન ઈન અ મિલિયનમાં ભાગ લઈને મૂળ માંડવી તાલુકાના મોટા લાયજાની વતની અને હાલે અબડાસાના મોટા કરોડિયા ગામની પુત્રવધૂ દીપાલી ગઢવીએ મિસીસ ઈન્ડિયા સેન્ટ્રલનો ખિતાબ પોતાના નામે કર્યો છે. ટીસ્કા મિસીસ ઈન્ડિયા ખૂબ જ જાણીતું પ્લેટફોર્મ છે. જે છેલ્લાં ૫ વર્ષની નેશનલ લેવલની સ્પર્ધાનું આયોજન કરે છે અને મહિલા સશક્તિકરણના કાર્યને આગળ ધપાવે છે. હાલે દીપાલી ગઢવી પતિ માનસ ગઢવી સાથે મળીને ગ્રોથ કલ્ચર વેન્ચર્સ નામે કંપનીનું સંચાલન ડિરેક્ટરના પદ પર નિભાવી રહ્યા છે. આ સાથે તેઓ કુશળ સામાજિક કાર્યકર્તા પણ છે અને અખિલ ભારતીય ચારણ ગઢવી મહિલા મહાસભામાં ગુજરાતના અધ્યક્ષ પદ હેઠળ તેઓ મહિલા સશક્તિકરણ હેતુથી સામાજિક કાર્યો કરી રહ્યાં છે.

● કાનપુરના વ્યાપારી પીયૂષ જૈનના ઘરે જીએસટી ટીમના દરોડા પછી અધધ કાળું નાણું બહાર આવ્યું છે. જે દેશના ઈતિહાસાં અભૂત પૂર્વ છે. કન્નોજના આ વેપારી પાસેથી ૨૮૪ કરોડ રૂા. રોકડા, ૬૦૦ કિલો ચંદન તેલ, સોના-ચાંદીની લગડીઓ, છ મોટી ટ્રંક ભરીને જપ્ત કરાઈ છે. મૂળ અમદાવાદની જીએસટી વિભાગની ટીમ દ્વારા આ વેપારીનું પગેરું કરાયું હતું. આ તપાસ ટીમમાં ભચાઉ તાલુકાના ચીરઈના વતની અને અંજાર ખાતે રહેતા ધર્મવીર સિંહ રણજીત સિંહ જાડેજા અમદાવાદ ખાતે જીએસટી અમદાવાદના ડાયરેક્ટર તરીકે ઈન્ટેલીજન્સ ઈન્વેસ્ટીગેશન ટીમમાં આંસિસ્ટન્ટ કમીશનર તરીકે કાર્યરત છે. દેશમાં કોઈપણ સ્થળે કાર્યવાહીમાં જોડાવાનો અધિકાર ધરાવે છે. જેને પગલે તેઓ કાનપુર વેપારીના ઘરે દરોડા પાડવામાં સામેલ થયા હતા.

● પરિશ્રમ એ પારસમણિ છે. તે વાતને યર્થાથ સાબિત કરતા અંજારમાં વેલ્ડિંગ કામ કરતા જયેશભાઈ આહિરના પુત્ર મોહિત આહિર તેના મહેનત અને લગન થકી ખેલો ઈન્ડિયાની આવનારી ચેમ્પિયનશિપ ૨૦૨૨ અંતર્ગત ખેલો ઈન્ડિયા યુથગેમ્સમાં ૪૮ કિલો કેટેગરીમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. જે ૫ થી ૧૪ ફેબ્રુઆરી દરમ્યિાન યોજાશે. ૯ વર્ષની ઉંમરે તેણે કબડ્ડી રમવાનું શરૂ કર્યું હતું. તેમજ ૧૦ ધોરણમાં તે અંજારની વિદ્યાભારતીમાં અભ્યાસ કરતો ત્યારે કબડ્ડીમાં સારો દેખાવ કરતો હતો. તેની ધગશ અને ખુમારી જોઈ કોચ ગોવિંદભાઈ રબારી તેને કુસ્તી માટે તૈયાર કર્યો. ખેલ મહાકુંભ ૨૦૧૮માં તેને બ્રોન્ઝ મેડલ તેમજ સ્ટેટ સબ જુનિયર તેમજ સિનિયર વેસ્ટલીંગ ચેમ્પિયનશિપ ૨૦૨૧માં ભાગ લઈ ગોલ્ડ મેડલ મેળવ્યો છે. સ્પોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયામાં અરજી કરતાં અભ્યાસ અને તૈયારી માટે ગાંધીનગર ગયો. તેના અભ્યાસ, તાલીમ અને રહેવા જમવાનો ખર્ચ સરકાર ઉઠાવે છે તેથી જ મોહિત જેવા નિમ્નસ્તરથી આવતા છોકરાઓ આગળ વધી શકે છે.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com



DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA